સેન્સેક્સમાં ૬૩૯ પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી ૧૫,૮૦૦ની ઉપર : હિંદુસ્તાન યુનિલીવર રિઝલ્ટ પછી ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારમાં સુધારાના માહોલ વચ્ચે સ્થાનિક બજારમાં ઇન્ફોસિસ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા હેવીવેઇટ શેરોમાં લેવાલી નીકળતા સેન્સેક્સ ૬૩૯ પોઇન્ટ ઉછળ્યો હતો અને નિફ્ટીએ પણ ૧૫,૮૦૦ પોઇન્ટની સપાટી વટાવી નાંખી હતી.

સેન્સેક્સ ૬૩૮.૭૦ પોઇન્ટ અથવા તો ૧.૨૨ ટકાના સુધારા સાથે ૫૨,૮૩૭.૨૧ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો જ્યારે, નિફ્ટી ઇન્ડેક્સ ૧૯૧.૯૫ પોઇન્ટ અથવા તો ૧.૨૩ ટકાના વધારા સાથે ૧૫,૮૨૪.૦૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

ટેક મહિન્દ્રા પાંચેક ટકા જેવા ઉછાળા સાથે સેન્સેક્સમાં ટોપ ગેઇનર બન્યો હતો. જ્યારે અન્ય વધનારા ટોપ પર્ફોર્મર્સ શેરોમાં બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, એલએન્ડટી, ટાટા સ્ટીલ અને ઇન્ફોસિસનો સમાવેશ હતો.

બીજી તરફ એચયુએલ, એશિયન પેઇન્ટ્સ, બજાજ ઓટો અને એમએન્ડએમ ટોપ લૂઝર રહ્યાં હતાં. ગ્લેન્ડ ફાર્માએ જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટમાં ૧૧.૮૩ ટકાનો વધારો નોંધાવ્યો હોવાથી તેના શેરમાં લગભગ આઠ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. આ શેર ૭.૫૦ ટકાના વધારા સાથે રૂ. ૪૦૮૭.૮૫ની સપાટીએ પહોંચ્યો હતો. પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં લગભગ ચારગણો જમ્પ નોંધાવનારા હેવેલ્સ ઇન્ડિયાનો શેર ૭.૩૦ ટકાનો ઉછાળા સાથે રૂ. ૧૧૮૪ બોલાયા હતાં. સ્ટરલાઇટ ટેકનોલોજીએ યુકે સ્થિત ક્લિઅર કોમ ડોટ કોમ હસ્તગત કરવાની જાણ કરી હતી. પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૦.૭ ટકાનો ઉછાળો નોંધાવનાર એચયુએલના શેરમાં મધ્ય સત્રે ૦.૫૦ ટકાનો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ અંતે તે ટોપ લૂઝર બન્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે વૈશ્વિક ઇક્વિટી બજારના સુધારા અને નાણાકીય પરિણામની મોસમની સારી શરૂઆતને આધારે ભારતીય બજારે સરસ પુલબેક બતાવ્યું છે. તેમણે કહ્યું હતું કે, આઇટી, ખાસ કરીને મિડકેપ આઇટી, સીમેન્ટ અને મેટલ જ્સેકટરની કંપનીઓએ સારા નાણાકીય પરિણામ રજૂ કર્યા હતા, અથવા તો કેમિકલ અને હેલ્થકેર જેવા સેકટરમાં વિકાસ સંભાવના સારી દેખાઇ રહી હોવાથી બજારનું માનસ સારું છે.

આ ઉપરાંત આઇપીઓના ઢગલા ખડકાઇ રહ્યાં છે અને તેને સારા પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે સંબંધિત ક્ષેત્રોમાં પણ હલચલ વધી રહી છે કારણ કે રોકાણકારોને તેના વેલ્યુએશન્સ આકર્ષક જણાઇ રહ્યાં છે. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ રોકાણકારોનું આકર્ષણ જળવાઇ રહ્યું છે.

એશિયાઇ બજારોમાં શાંઘાઇ, હોંગકોંગ, સિઓલ અને ટોકિયોમાં મજબૂત સુધારો નોંધાયો હતો. જ્યારે યુરોપમાં મધ્યસત્ર સુધી ઇક્વિટી માર્કેટ મજબૂત રહ્યાં હતાં. દરમિયાન, આંતરરાષ્ટ્રીય ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ બેરલદીઠ એક ટકાના વધારા સાથે ૭૨.૯૫ ડૉલર બોલાયોહતો.

એ નોંધવું રહ્યું કે, ભારતીય શેર બજારો બુધવારે બકરી ઈદ નિમિત્તે બંધ રહ્યા હતા. જ્યારે વૈશ્વિક બજારો ચાલુ હતા અને અમેરિકા પાછળ એશીયા, યુરોપના દેશોના બજારોમાં તેજી રહી હતી. યુરોપના દેશોમાં કોરોનાની ત્રીજી લહેરમાં કેસો ઝડપી વધી રહ્યાના નેગેટીવ પરિબળ છતાં કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક રહેવાના પોઝિટીવ પરિબળે અને યુએસ ફેડરલ રિઝર્વની મોનીટરી પોલીસીમાં ઢીલની સાથે આર્થિક વિસ્તાર ઉચ્ચ સ્તરે આગળ વધી રહ્યો હોઈ ઈન્વેસ્ટરોએ ઘટાડે શેરોમાં ખરીદીની તક ઝડપવા લાગતાં સેન્ટીમેન્ટ સુધર્યું હતું.

વૈશ્વિક મોરચે અમેરિકામાં ટ્રેઝરી યીલ્ડમાં વધારા સાથે કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક આવવાના પોઝિટીવ અંદાજો તેમ જ આર્થિક મોરચે વિસ્તરણ હજુ ઊંચા સ્તરે જોવાઈ રહ્યું હોઈ ફંડોએ શેરોમાં તેજી કરી હતી. કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટના વધતાં જતાં કેસોના નેગેટીવ પરિબળને અવગણીને વૈશ્વિક બજારોમાં તેજી સાથે ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ પણ બ્રેન્ટ ક્રુડના બેરલ દીઠ વધીને ૭૦ ડોલરની સપાટી કુદાવી ગયા હતા. ■

ભારતનો માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો ૧૦૦ ટકાના સ્તરે

મુંબઇઃ ભારતીય શેરબજારનો માર્કેટ કેપ ટૂ જીડીપી રેશિયો ૧૦૦ ટકા આસપાસ રહ્યો છે, જે એવો સંકેત આપી રહ્યાં છે કે સ્ટોક્સના વેલ્યુએશન્સ વાસ્તવિક સ્તરથી ઘણા વધુ છે. જોકે, નિષ્ણાતો માને છે કે તેમાં કોઇ આશ્ચર્ય નથી કે એક દિવસ આ રેશિયો ૨૦૦ ટકાને પણ આંબી જશે.

આ રેશિયો બફેટ ઇન્ડિકેટરના નામથી પણ જાણીતો છે કેમકે અબજોપતિ રોકાણકાર વોરેન બફેટ બજારોની તેજીની તુલના માટે આ ઇન્ડિકેટરનો ઉપયોગ કરે છે. જોકે, આ ઇન્ડિકેટર દરેક દેશો માટે સમાન રુપથી લાગૂ પડતો નથી. આમ છતાં અમેરિકાનો માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો ૨૦૦ ટકા પહોંચી ચૂક્યો છે.

જ્યારે તાઇવાનનું માર્કેટ કેપ ટૂ જીડીપી રેશિયો ૩૦૦ ટકાની આસપાસ ચાલી રહ્યો છે. આ ઇન્ડિકેટર ૧૦૦ ટકા પર પહોંચ્યા પછી જાણવામાં આવે છે કે શેરોની કિંમત ઘણી વધી ચૂકી છે. પરંતુ ભારતના ૧૦ વર્ષના સરેરાશ માર્કેટ કેપ ટૂ જીડીપી રેશિયો ૭૯ ટકા સુધી જ પહોંચ્યો છે કેમકે અર્થવ્યવસ્થાનો એક મોટો હિસ્સો પણ અનલિસ્ટેડ અને નોન ઓપચારિક છે. પરંતુ જેમ જેમ ભારતના ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા સેક્ટર અને અર્થવ્યવસ્થાના નવા સેક્ટર શેર બજારમાં લિસ્ટ થશે ત્યારે આ રેશિયો વધી શકે છે. ■

ઈક્વિટી માર્કેટના સુધારા સાથે ડૉલર સામે રૂપિયો વધુ ૧૫ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાના અન્ડરટોન અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને ગત મંગળવારના બંધ સામે વધુ ૧૫ પૈસાના સુધારા સાથે ૭૪.૪૬ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે બકરી ઈદ નિમિત્તે સ્થાનિક બજાર બંધ રહી હતી.

બજારના સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત મંગળવારના ૭૪.૬૧ના બંધ સામે સુધારાના ટોને ૭૪.૪૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪.૫૩ અને ઉપરમાં ૭૪.૩૩ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધથી ૧૫ પૈસા વધીને ખૂલતી ૭૪.૪૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૬૩૮.૭૦ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૯૧.૯૫ પૉઈન્ટનો ઉછાળો આવ્યાના નિર્દેશ તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધથી ૦.૦૧ ટકા ઘટીને ૯૨.૭૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ગઈકાલના બંધથી ૦.૯૮ ટકા વધીને બેરલદીઠ ૭૨.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાના અહેવાલ ઉપરાંત ગત મંગળવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૮૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ રિપોર્ટ

મુંબઇઃ બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે કુલ રુ.૩,૦૨,૧૭૩.૪૦ કરોડનું ટર્નઓવર થયું હતું. કુલ ૮૦,૧૦૭ સોદાઓમાં ૩૫,૦૬,૭૯૫ કોન્ટ્રેક્ટનાં કામકાજ થયાં હતાં. કુલ ૪૧,૫૫,૭૯૬ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. ઈન્ડેક્સ ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ્સમાં રુ.૩.૫૬ કરોડના ૪૩ સોદામાં ૪૩ કોન્ટ્રેક્ટ્સનાં કામકાજ થયાં હતાં. ઈન્ડેક્સ કોલ ઓપ્શનના ટ્રેડ થયેલા ૬૮,૬૬૬ સોદામાં ૩૧,૫૩,૨૬૦ કોન્ટ્રેક્ટ સાથે રુ.૨,૭૪,૯૪૪.૫૫ કરોડનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ પુટ ઓપ્શનના ટ્રેડ ૧૧,૩૯૮ સોદામાં ૩,૫૩,૪૯૨ કોન્ટ્રેક્ટ સાથે રુ.૨૭,૨૨૫.૨૯ કરોડનું કામકાજ થયું હતું. ■

ઈક્વિટી અને ડૉલર ઈન્ડેક્સ વધતા વૈશ્વિક સોનું ૧૮૦૦ ડૉલરની અંદર

સ્થાનિકમાં સોનાએ ₹ ૫૫૨ના કડાકા સાથે ₹ ૪૮,000ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધથી ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૧૮૦૦ ડૉલરની અંદર ઉતરી ગયાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનાના ભાવે ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૦થી ૫૫૨ના કડાકા સાથે રૂ. ૪૮,૦૦૦ની સપાટી ગુમાવી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતર ઘટવાને કારણે ભાવઘટાડો વેગીલો બન્યો હતો. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૨૧૪ ઘટી આવ્યા હતા.

આજે સોનાચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક બજારમાં ખાસ કરીને સોનામાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે રિટેલ સ્તરની લેવાલી પણ છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. આ ઉપરાંત ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા મજબૂત થતાં સોનાની આયાત પડતરમાં ઘટાડો થતાં હાજરમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૦ ઘટીને રૂ. ૪૭,૪૭૯ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૫૨ ઘટીને રૂ. ૪૭,૬૭૦ની સપાટીએ રહ્યા હતા.

વધુમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૧૪ ઘટીને રૂ. ૬૬,૭૬૬ના મથાળે રહ્યા હતા.

કોવિડ-૧૯ના ડેલ્ટા વેરિયેન્ટની ચિંતા ખંખેરીને આજે રોકાણકારો ઈક્વિટી માર્કેટ તરફ વળ્યાના નિર્દેશ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધથી ૦.૪ ટકા ઘટીને બે સપ્તાહની નીચી ઔંસદીઠ ૧૭૯૫.૯૪ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધથી ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૧૭૯૫.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, રોકાણકારોની નજર આજે સમાપન થનારી યુરોપિયન સેન્ટ્રલ બોર્ડની નીતિવિષયક બેઠક પર પણ હોવાથી સોનામાં નવી લેવાલીમાં તેઓએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. તે જ પ્રમાણે આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધથી ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

એફએમસીજી સિવાયના બધા ઈન્ડેક્સ વધ્યા

માર્કેટ કેપમાં ૨.૯૫ લાખ કરોડનો વધારો

મુંબઇઃ બીએસઈમાં સેન્સેક્સ બુધવારે મંગળવારના ૫૨,૧૯૮.૫૧ બંધથી ૬૩૮.૭૦ પોઈન્ટ્સ (૧.૨૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૫૨,૪૯૪.૫૬ ખૂલી, ઉપરમાં ૫૨,૮૬૭.૨૬ સુધી, નીચામાં ૫૨,૪૭૧.૨૩ સુધી જઈ અંતે ૫૨,૮૩૭.૨૧ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૬ વધી હતી અને ચાર કંપનીઓ ઘટી હતી. આજે માર્કેટ કેપ ૨૩૩.૯૯ લાખ કરોડ રહ્યું હતું, જે મંગળવારે રુ.૨૩૧.૦૪ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૫૦ ઈન્ડેક્સ ૧.૨૫ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૧.૨૭ ટકા, બીએસઈ મીડ કેપ ૧.૪૯ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૧.૫૨ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૧.૨૭ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૧.૩૧ ટકા, બીએસઈ ઓલ કેપ ૧.૩૧ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૧.૨૪ ટકા વધ્યા હતા.

આઈપીઓ ઈન્ડેક્સ ૨.૪૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૦૮ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બેઝિક મટિરિયલ્સ ૧.૫૨ ટકા, સીડીજીએસ ૦.૮૪ ટકા, એનર્જી ૧.૪૧ ટકા, ફાઈનાન્સ ૧.૨૮ ટકા, હેલ્થકેર ૦.૯૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૦૪ ટકા, આઈટી ૧.૯૦ ટકા, ટેલિકોમ ૩.૦૦ ટકા, યુટિલિટીઝ ૧.૪૫ ટકા, ઓટો ૦.૧૨ ટકા, બેન્કેક્સ ૦.૭૪ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૭૯ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૮૮ ટકા, મેટલ ૩.૦૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૫૪ ટકા, પાવર ૨.૦૨ ટકા, રિયલ્ટી ૧.૫૯ ટકા અને ટેક ૧.૯૯ ટકા વધ્યા હતા. જ્યારે એકમાત્ર એફએમસીજી ૦.૨૨ ટકા ઘટ્યો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં ટેક મહિન્દ્રા ૫.૬૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૪.૨૧ ટકા, ભારતી એરટેલ ૩.૯૩ ટકા, બજાજ ફિનસર્વ ૩.૭૨ ટકા અને ટાટા સ્ટીલ ૩.૨૭ ટકા વધ્યા હતા, જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર ૨.૨૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૭૩ ટકા, બજાજ ઓટો ૧.૩૨ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૨૭ ટકા ઘટ્યા હતા. ■

ઓટો કંપનીઓના ઉત્પાદન પર ચિપની અછતથી પ્રતિકૂળ અસર

નવી દિલ્હી : દેશમાં ચિપ અને સેમિ કન્ડક્ટરની ઉભી થયેલી અછતના કારણે ઓટો કંપનીઓના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર થતા લોકપ્રિય બ્રાન્ડની કારોમાં વેઇટિંગ લિસ્ટ લાંબુ થવાની સંભાવના છે. ઓટો ઇન્ડસ્ટ્રીના સૂત્રોના જણાવ્યા મુજબ ચિપની અછતથી ઉત્પાદનના ગણિત ખોરવાઈ જવા પામ્યા છે.

આ પ્રતિકૂળ સંયોગોના કારણે કેટલીક કંપનીઓ દ્વારા સ્પોટ બાઇંગનો વિકલ્પ અપનાવાયો છે. જો કે, આમ છતાં આ વિકલ્પ પણ સંપૂર્ણ સફળ નથી. બજારમાં સરળતાથી ચિપ મળી રહે તેમ હાલ તો જણાતું નથી.

એક આગેવાન કાર ઉત્પાદકના જણાવ્યા મુજબ સ્પોટ બાઇંગના કારણે ચાલુ માસમાં થોડીક રાહત થઈ હતી. આમ છતાં આ કંપનીનો સ્ટોક ૧૦ ટકાની નીચી સપાટીએ રહ્યો છે, તો અન્ય કંપનીઓ દ્વારા ચિપની અછતના કારણે તેમનું ઉત્પાદન ૪૦થી ૫૦ ટકા ઘટે તેવી શક્યતા છે.

ચિપ ઉત્પાદકોના જણાવ્યા મુજબ વિશ્વભરમાં ચિપની અછત દૂર થાય તે માટે ચિપ ઉત્પાદક કંપનીઓ ઓવરટાઇમ કરાવી રહી છે.

તેમજ પોતાની ક્ષમતા વધારવા નવું રોકાણ પણ કરી રહી છે. પરંતુ નવો પ્લાન્ટ શરુ કરવામાં સમય લાગતો હોઈ હાલ તુરંત આ પ્રતિકૂળતા દૂર થવાની કોઈ સંભાવના જણાતી નથી.

સેમી કન્ડક્ટરનું ઉત્પાદન એવી વ્યવસ્થા છે જે અનેક દેશો સાથે સંકળાયેલી છે જેના કરાણે તેની સપ્લાય ચેઇન ખોરવાઈ જવા પામી છે. આમ, આ પ્રતિકૂળતા બે વર્ષ જેટલો લાંબા સમય સુધી જોવા મળશે તેમ જણાવ્યું હતું.

તાઇવાન સ્થિત ચિપની સૌથી મોટી ઉત્પાદક કંપનીના જણાવ્યા મુજબ આ પ્રતિકૂળતા હળવી થાય તે માટે વિશ્વની અન્ય કંપનીઓ સાથે સંપર્કમાં છે. ક્ષમતા વધારવા માટે નવો પ્લાન્ટ સ્થાપવામાં સમય લાગે છે જે જોતાં ૨૦૨ સુધી આ પ્રતિકૂળતા યથાવત રહે તેવી સંભાવના છે.

કોમ્પ્યુટર, મોબાઇલ હોમ એપ્લાયન્સીસ જેવી કંપનીઓ દ્વારા ચિપની માંગમાં વધારો થતા આ પ્રતિકૂળ સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. જેમાં ઓટો ઇન્ડસ્ટ્રીને વધુ ફટકો પડયો છે.

કારણ કે આ કંપનીઓ જસ્ટ ઇન ટાઇમ પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પર કાર્યરત છે. આ ઉપરાંત ચિપના ઉત્પાદનમાં વપરાતા કાચા માલ-સામાનના ભાવમાં વધારો થતા આ ક્ષેત્રની પ્રતિકૂળતામાં વધારો થયો છે. ■

ચીન કોપરની અનામતમાંથી ઓછો જથ્થો છૂટો કરે તેવા નિર્દેશે ભાવમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કોરોના વાઈરસના વધતા કેસની ચિંતા છતાં ધાતુના મુખ્ય વપરાશકાર દેશ ચીન તેની કોપરની અનામતોમાંથી બજારની અપેક્ષા કરતાં ઓછો જથ્થો છૂટો કરે તેવા અહેવાલે આજે લંડન ખાતે કોપરના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલ, બ્રાસ, ઝિન્ક સ્લેબ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૬નો સુધારો આવ્યો હતો.

આગામી ૨૯ જુલાઈના રોજ ચીન તેની અનામતો પૈકી ૩૦,૦૦૦ ટન કોપર, ૯૦,૦૦૦ ટન એલ્યુમિનિયમ અને ૫૦,૦૦૦ ટન ઝિન્કનું વેચાણ કરશે તેવા અહેવાલ હતા. જોકે, વેચાણની માત્રા બજારની અપેક્ષા કરતાં ઓછી હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના ત્રણ મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધથી ૦.૪ ટકા વધીને ૯૩૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ધાતુ બજારમાં ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૬ વધીને રૂ. ૭૧૪, કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૨૨, રૂ. ૪૪૩, રૂ. ૭૫૦ અને રૂ. ૧૪૨૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૪ વધીને રૂ. ૬૯૯, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૨ વધીને રૂ. ૫૧૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, લીડ ઈન્ગોટ્સ અને ટીનમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

કોવિડ-૧૯ઃ ભારતમાં સ્માર્ટફોનના વેચાણમાં ૧૩ ટકાનો ઘટાડો

બેંગાલુરુઃ કોવિડ-૧૯ની બીજી લહેરમાં અસરગ્રસ્તોની સંખ્યામાં થયેલા વધારાના કારણે બીજા ત્રિમાસિકગાળામાં દેશમાં સ્માર્ટફોનના વેચાણમાં ૧૩ ટકાનો ઘટાડો થયો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે. અત્રે નોંધનીય બાબત એ છે કે સ્માર્ટ ફોનની બજારમાં ભારત વિશ્વમાં બીજો ક્રમાંક ધરાવે છે.

જોકે, માર્કેટ રિસર્ચ કરતી કંપની કેનાલિસનાં જણાવ્યાનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં ઓનલાઈન ધોરણે સ્માર્ટફોનના વેચાણમાં ગત સાલના સમાનગાળાની તુલનામાં ૮૭ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

ભારતમાં સ્માર્ટફોન વેન્ડરોનું માનવું હતું કે કોવિડ-૧૯ પરત નહીં ફરે આથી ઘણા વેન્ડરોએ બ્રાન્ડેડ સ્ટોર અને થર્ડ પાર્ટી ઓફલાઈન ચેનલમાં ભાગીદારી મારફતે રોકાણની યોજના ઘડી હતી, પરંતુ ફરી કોવિડ-૧૯ની બીજી લહેરને પગલે ફરી તેઓ ઓનલાઈન સ્ટ્રેટેજી તરફ વળ્યા હોવાનું કેનાલિસનાં વિશ્લેષક સંયમ ચોરસિયાએ અહેવાલમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળામાં ભારતીય ખરીદદારોમાં ચીનની ઝિઓમી કોર્પ ૨૯ ટકાના બજાર હિસ્સા સાથે ટોચના સ્થાને રહી હતી, ત્યાર બાદ દક્ષિણ કોરિયાની સેમસંગ ઈલેક્ટ્રોનિક કંપનીનો બજાર હિસ્સો ૧૭ ટકા રહ્યો હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

જોકે, દેશમાં રસીકરણની પ્રક્રિયા વેગ પકડવાની સાથે ગ્રાહકોના વિશ્વાસમાં વૃદ્ધિ થવાની સાથે સ્માર્ટફોનનાં નવાં ઉત્પાદનો લૉન્ચ થતાં વર્ષના બીજા છમાસિકગાળામાં માગમાં બાઉન્સબૅક જોવા મળે તેવો આશાવાદ અહેવાલમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમ છતાં કોવિડ-૧૯ની ત્રીજી લહેરનો ભય ઝળુંબી રહ્યો હોવાથી બાઉન્સબૅકનો આધાર ગ્રાહકોના વલણ અને ઉદ્યોગની કાર્યાન્વિતતા પર અવલંબિત રહેશે તેમ અહેવાલમાં ઉમેર્યું હતું. ■

પશ્ચિમ રેલવે બાન્દ્રા ટર્મીનસ ⇌ ચંદીગઢ વચ્ચે સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

ટ્રેન નં.	પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	તારીખ W.E.F.	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૪૫૩૯	બાન્દ્રા ટર્મીનસ – ચંદીગઢ સુપરફાસ્ટ સ્પેશ્યલ એક્સપ્રેસ (દ્રી-સાપ્તાહિક)	૨૬.૦૭.૨૦૨૧	સોમવાર અને ગુરૂવાર	૧૨.૦૦ ક.	૧૪.૨૦ ક. (બીજા દિવસે)
૦૪૫૪૦	ચંદીગઢ – બાન્દ્રા ટર્મીનસ સુપરફાસ્ટ સ્પેશ્યલ એક્સપ્રેસ (દ્રી-સાપ્તાહિક)	૨૫.૦૭.૨૦૨૧	બુધવાર અને રવિવાર	૦૫.૩૫ ક.	૦૭.૩૫ ક. (બીજા દિવસે)

વિરામના સ્ટેશનોઃ બોરીવલી, સૂરત, ભરૂચ જં., વડોદરા જં., આણંદ જં., અમદાવાદ જં., મહેસાણા જં., પાલનપુર જં., આબુ રોડ, ફાલના, મારવાડ જં., અજમેર, ફલેરા જં., રીંગસ જં., શ્રી માધોપુર, નિમ કા થાન, નારનૌલ, રેવાડી, ગુરગાંવ, દિલ્હી કેન્ટ., પાણીપત જં., કર્નાલ, અને અંબાલા કેન્ટ. જં., સ્ટેશન્સ બંને દિશામાં.

સંરચનાઃ AC ૨-ટાયર, AC ૩-ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટીંગ કોચીસ.

ઉપરોક્ત તમામ ટ્રેન્સ વધુ સૂચના મળવા સુધી દોડશે ઉપરોક્ત ટ્રેન્સના વિરામો અંગે વિગતવાર સમયસારિણી માટે કૃપયા મુલાકાત લો www.enquiry.indianrail.gov.in

- માત્ર કન્ફર્મ્ડ ટીકીટો ધરાવનારા પ્રવાસીઓને જ આ સ્પેશ્યલ ટ્રેન્સમાં ચઢવાની પરવાનગી અપાશે.
- પ્રવાસ, બોર્ડીંગ દરમિયાન અને ગંતવ્ય સ્થાને કોવિડ-૧૯ને સંબંધિત તમામ નિયમો અને SOPsનું પાલન કરવાની પ્રવાસીઓને સલાહ આપવામાં આવે છે.

ટ્રેન નં. ૦૪૫૩૯નું બુકીંગ ૨૪.૦૭.૨૦૨૧થી તમામ નોમીનેટ કરાયેલ PRS કાઉન્ટર્સ ખાતે અને IRCTC વેબસાઇટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન્સ સંપૂર્ણપણે આરક્ષિત ટ્રેન્સ તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

કૃપયા તમામ આરક્ષિત ટીકીટો માટે ઓળખનો પૂરાવો સાથે રાખો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

PUBLIC NOTICE

This is to inform/notify with regards to **"Samaj Darshan" project MAHARERA REG. NO. P51800010479** promoted by
1. Jayant Mehta, (Bhakti Enterprise) B-501, Samaj Deep, Adukia Road, Kandivali (W), Mumbai - 400067.
2. Khambahati Modhvanik Samaj Samaj Darshan, CTS : 84-C Parekh Lane, Kandivali (W), Mumbai - 400067.
The promoters have allotted following flats in the said project to my clients including agreement for sale.
Flat No. 504, 604, 803, 804, 902, 1002, 1202, 1304, 1502, 1503, 1504, 1602.
My clients had filed complaints with MAHARERA Authority in which following orders were passed.

MAHARERA ORDER, para 3

3. In this regard, the Maha RERA is of the view that the promoter of such project should apply to Maha RERA for extension of the project- It should enable the formation of the association of allottees under section fl (4) (e) of the RERA, sharing the project related information with the allottees. The association of allottees can contemplate action under section 7 of the RERA to complete the project.
In another order, a flat and the project was attached in execution proceedings.
My cliients have formed association of allotees and have also filed complaint for revocation of MAHARERA registration of the project and completion by association of allottes.
It is also notified to the public that promoters of the project have collected around Rs. 16 crore from around 16 Allotees.
MY clients are also contemplating other civil and criminal actions against the promoters.
There fore people are advised not to enter in to any kind of sale or deal relating to the above mentioned flats and other flats who shall bear charge of my clients in case of multiple sale of same flat numbers. If any one does so, it will be completely at their risk and they will be liable and Responsible to bear loss, cost and consequences arising of such sale or deal.
Place : Mumbai Sd/-
Date : 23.07.2021 (Advocate Avinash Pawar)

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ
પબ્લીક નોટીસ

મહારાષ્ટ્ર (અર્બન એરીયાસ) પ્રોટેકસન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધાર્યા મુજબ) ૦૧ પ્રોપોઝલ જી/નોર્થ વોર્ડમાંથી, ૦૨ પ્રોપોઝલ જી/સાઉથ વોર્ડમાંથી ઝોન-IIમાં, એટલે કે કુલ ૦૩ પ્રોપોઝલ્સ વૃક્ષો હટાવવા માટે ટ્રી ઓથોરીટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરીટીની મંજૂરી માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દશાવેલ પ્રોપોઝલ્સમાં કાપવા/ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટે વૃક્ષોની માહિતી mcgm વેબસાઈટ- www.mcgm.gov.in.- About us ward/ Department Department manuals Gardens & Tree Authority 134- Adv- 7 days- Z-II ઉપર ઉપલબ્ધ છે.

પેન્ડેમીક કોવિડ-૧૯ના હિસાબે નાગરિકોને વિનંતી છે કે તા. ૩/૮/૨૧ના રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવાના બદલે માત્ર તા. ૩/૮/૨૧ના કે તે પહેલા ઈમેલ- -sg.gardens@mcgm.gov.in ઉપર વિરોધો/ સૂચનો મોકલવા. આ તારીખ બાદ મળેલ વિરોધો/ સૂચનો ધ્યાનમાં નહીં લેવાય જેની કૃપયા નોંધ લેવી.

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફીસર ઓફ ધ ટ્રી ઓથોરીટી
પેન્વિન બીલ્ડીંગ, ૨જો માળ,
વીરમાતા જીજાબાઈ ભોંસલે ઉધાન,
ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૨૭
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈ-મેઈલઃ sg.gardens@mcgm.gov.in

સહી/-
સુપરિ. ઓફ ગાર્ડન્સ
એન્ડ ટ્રી ઓફીસર

PRO/739/ADV./2021-22

ચાલો સાથે મળી મુંબઇને મલેરિયા મુક્ત બનાવીએ.